# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## State govt employee DA hike

ગઈકાલે કેન્દ્ર સરકારનાં કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થાં અને મોંઘવારી રાહતમાં ત્રણ ટકાનાં વધારાની જાહેરાત બાદ હવે રાજ્ય સરકારનાં કર્મચારીઓએ પણ તેમનાં મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની માંગણી કરી છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે રાજ્યનાં નાણામંત્રી કનુભાઈ દેસાઈને પત્ર લખીને કેન્દ્ર સરકારના ધોરણે મોંઘવારી ભથ્થુ 50% થી વધારી 53% કરવાની રજૂઆત કરી છે.

આ અંગે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળનાં મહામંત્રી ભરત ચૌધરીએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ- ભરત ચૌધરી, મહામંત્રી, કર્મચારી મહામંડળ)

.................

## GANDHINAGAR COURT PAPERLESS

ગુજરાત વિધાનસભા બાદ ગાંધીનગર જિલ્લા અદાલત હવે પેપરલેસ બની છે. ગાંધીનગર જિલ્લા ન્યાયાધીશ હિતા ભટ્ટ દ્વારા અદાલત ખાતે ઇ- સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ઇ- સેવા કેન્દ્રનો હેતુ પક્ષકારો તેમજ વકીલને તેમના કેસોની મહિતી તેમજ ચુકાદાની નકલ સરળતાથી પેપરલેસ માધ્યમથી મળી રહે તેવો છે. આ ઉપરાંત નવા કેસમાં હવે ઇ-ફાઇલિંગ, ડિજીટલી અરજી કરવાની સુવિધા, ઓનલાઇન

અપોઇન્મેન્ટ બૂકિંગની સુવિધા, જજ વિશેની માહિતી, કાનૂની સલાહ અને સહાય મેળવવા અંગે માર્ગદર્શન, વર્ચ્યૂઅલ કોર્ટના ઇ-ચલણ અંગે માહિતી, તેમજ વીડિયો કૉન્ફરન્સિંગથી કોર્ટ હિયરિંગ અંગે માર્ગદર્શન આપવામા આવશે.

---------------

## DOLPHIN SURVEY

તાજેતરમાં વન વિભાગ દ્વારા ડોલ્ફીનની ગણતરી કરવામાં આવી, જેમાં ગુજરાતના 4 હજાર, 87 કિલોમીટરના દરિયાઈ વિસ્તારમાં અંદાજે 680 ડોલ્ફિન નોંધાઈ છે. આ અંગે માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે, ગુજરાતમાં સૌથી વધુ 498 ડોલ્ફીન ડોલ્ફીન કચ્છના ઓખાથી ભાવનગરના નવલખી સુધી વિસ્તરેલા મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચ્યૂરીના વિસ્તારમાં હોવાની શક્યતા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે માનવ મિત્ર જળચર તરીકે ઓળખાતી ડોલ્ફિન દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. ગુજરાતના દરિયાકાંઠે ઇન્ડિયન ઓસન હમ્પબેક પ્રજાતિની ડોલ્ફીન જોવા મળી છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે ડોલ્ફિન ગણતરી પદ્ધતિ વિશે માહિતી આપતા જણાવ્યું કે, બે દિવસ ચાલેલા આ સર્વેમાં વિવિધ સંસ્થાઓના વૈજ્ઞાનિક, નિરીક્ષક, ફોટોગ્રાફર અને ક્ષેત્ર સહાયક એમ કુલ મળીને ૪૭ વિશેષજ્ઞ જોડાયા હતા.

-------------------

## AHMEDABAD ST BUS

દિવાળી સહિતના તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે2200 એસટી બસો ચાલાવવામાં આવશે. 26 ઑક્ટોબરથી 30 ઑક્ટોબર સુધી આ વધારાની બસો રાજ્યના વિવિધ જિલ્લાઓમાં દોડવાશે. સૌથી વધુ બસો સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર અન જુનાગઢ જિલ્લામાં મૂકાશે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

......................................

## Malaysia Athletics

મલેશિયા ખાતે  યોજાયેલી ૩૬મી એશિયા માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધામાં વઢવાણના પીટી શિક્ષક લાછુબેન પરમારે જેવલિન થ્રો સ્પર્ધામાં કાંસ્યચંદ્રક મેળવ્યો છે.

લાછુબેન સમસ્ત કારડિયા રાજપુત સમાજ કન્યા કેળવણી ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી કન્યા વિદ્યાલય વઢવાણના પીટી શિક્ષક છે. ૩૬મી

એશિયા માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધા મલેશિયાના કુઆલાલમ્પર ખાતે 12,13 ઓક્ટોબરનં રોજ યોજાઈ હતી આ સ્પર્ધામાં તેમણે શોટપુટ, ડિસ્ક થ્રોમાં ચોથો ક્રમાંક મેળવ્યો હતો.

.................

## KUTCH AMRELI ACCIDENT

રાજ્યમાં બે જુદા જુદા અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે.

કચ્છના આડેસર નજીક ગત મોડી રાત્રે ટ્રક અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાતા બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

જ્યારે અમરેલીમાં ભાવનગર-સોમનાથ નેશનલ હાઇવે નજીક એક અકસ્માતમાં બે યુવકોના મોત થયા છે. પૂર ઝડપે જઈ રહેલી કાર અન બાઇક વચ્ચે ટક્કર થતા, બાઇક પર સવાર યુવાનો પટકાયા હતા. હૉસ્પિટલ લઈ જતા બંનેને મૃત જાહેર કરાયા હતા.

---------

## MEHSANA - NAKALI JIRU PAKDAYU

મહેસાણાની સ્થાનિક ગુના શાખાએ જિલ્લાના ઊંઝા તાલુકાના ગંગાપુર નજીક શંકાસ્પદ નકલી જીરું બનાવતી ફેકટરી પર દરોડો પાડીને રૂપિયા 80 લાખ રૂપિયાથી વધુ જથ્થો જપ્ત કર્યો હતો. આ ઉપરાંત પોલીસે ત્રણ ગોડાઉન, બે શેડ અને પાંચ મશીન સહિત વરિયાળીનો

જથ્થો જપ્ત કર્યો હતો. અન્ન વિભાગે ફેકટરીમાંથી રંગીન વરિયાળી, ગોળની રસી સહિતનાં 8 નમૂના  લઇને પરીક્ષણ અર્થે મોકલી આપ્યા છે.

-----------------

## RSS Mohan Bhagwat Surat

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલક મોહન ભાગવત આજથી સુરતની બે દિવસની મુલાકાતે છે. ભગવાન મહાવીર યુનિવર્સિટી ખાતે આચાર્ય મહાશ્રમણ સાથે મુલાકાત કર્યા બાદ ઉપસ્થિત લોકોને સંબોધન કરતા તેમણે પાકિસ્તાનને ટકોર કરતાં જણાવ્યું કે, પાકિસ્તાને કારગીલ પર આક્રમણ કર્યું, તે સમયે ભારત ઇચ્છત તો પુરા દેશ પર આક્રમણ કરી શકતું હતું, પણ સરહદ પાર ન કરવા સેનાને આદેશ હતો.

તેમણે જણાવ્યું કે, ભારત વર્ષ ક્યારેય યુદ્ધની શરૂઆત કરતું નથી. ભારતે પાકિસ્તાન પર હુમલો કર્યો ત્યારે પણ જ્યાં આતંકીઓ હતા, ત્યાં જ સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. લોકો આપણા વિષે ગમે તે વિચારે, પણ આપણો પાયો આધ્યાત્મિક છે.’

-------------------